GJVD020795172025

મે.વડોદરાના પાંચમા એડી.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.વડોદરા.

ક્રિમીનલ કેસ નં.૭૧૭૬૭/૨૦૨૫
આંક–

<u>ફરીયાદી</u> – શ્રી સરકાર.

<u>વિરુધ્ધ.</u>

<u>આરોપી</u> – મધુબેન મહેન્દ્રસિંહ પરમાર

<u>ગુનો– પ્રોહી.એક્ટની કલમ–૬૫એએ મુજબ.</u>

<u>–ઠરાવ–</u>

૧. આજરોજ લોક અદાલત હોય, નામ.જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, વડોદરા તરફથી સ્પેશ્યલ સીટીંગની અમો મેજીસ્ટ્રેટને સત્તા આપવામાં આવેલ છે, તે મુજબ સદર કેસ આજરોજ રાખેલ છે.

૨. સદર કામે આરોપી સામે પુરતો પુરાવો જણાઈ આવતા પ્રોહી.એક્ટની કલમ–૬૫એએ મુજબની શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત આરોપી સામે મુકવામાં આવેલ છે, આરોપીને અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને કેસના કાગળોની નકલો આપવામાં આવેલ અને આરોપી સામે તહોમતનામું ફરમાવી આરોપીની પ્લી લેવામાં આવતાં ગુનાની કબુલાત કરેલ અને ગુના કબુલાત પુરશીશ રજુ કરેલ છે.

૩. સદર કેસના કેસ પેપર્સ ધ્યાને લીધા. વિ.એ.પી.પી.શ્રી ની રજુઆત સાંભળી તથા આરોપીની ગુના કબુલાત અને તે અંગેની કબુલાત પુરશીશ વંચાણે લીધી. તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરચંદ ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લેતાં સદર કામે આરોપીએ ગુનાની કબુલાત અંગે જે કારણો દર્શાવેલ છે તે જોતાં આરોપી ગરીબ ઇસમ છે, અને બાલબચ્ચાવાળો ઇસમ છે. અને તેના શીરે કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. આરોપીને ગુનાનો પસ્તાવો થતો હોય તેમજ કાયદાનો હેતુ ગુનાને ડામવાનો છે ગુનેગારને ડામવાનો નથી. તથા ગુનેગારને સુધરવાની તક આપી સમાજમાં તેને ફરીથી સન્માનપુર્વક જીવન મળે તેવો કાયદાનો હેતુ છે. તથા ઉપરોક્ત ચુકાદા અનુસાર આરોપી ઉપર દયા બતાવી હળવી સજા કરવા માટેના પુરતાં ગણી શકાય તેવા કારણો છે. તેમ આ કોર્ટનું માનવું છે. તેમજ આજરોજ સદર કામ લોકઅદાલતમાં મુકેલ હોય તે સંજોગોમાં અને આરોપીની કબુલાત તથા દયા અરજ ગ્રાહ્ય રાખી અને કાયદાની સજા કરવા પાછળનો સુધારાત્મક હેતુ ધ્યાને રાખી આરોપીને હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય આથી નીચે મુજબનો હુકમ કરવામાં કરવામાં આવે છે.

<u>–હુકમ–</u>

આ કેસનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ધી પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫એએ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી દોષિત ઠરાવીને દંડ રુ.૧૦૦/– (અંકે રુપિયા સો પુરા) અને જો દંડ ના ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં જણાવેલ વોશ/દારુ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૨/૭/૨૦૨૫ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવ્યો.

તા.૧૨/૦૭/૨૦૨૫.
વડોદરા.

( કુ.એલ.એમ.પરમાર )
પાંચમાં એડી.જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ,
વડોદરા.
કોડ નં.જીજે૦૧૭૦૫